જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 2075
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: ૨૭/૯/૨૧
સહી:

મઉમશબ/ક-૧/પ્ર.પ/ ૨૦૨૧/ ૯૪૮
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,સેક્ટર- ૧૦/બી,
સચિવાલય પાસે,ગાંધીનગર.
તા.૨૩/૦૯/૨૦૨૧

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય: ધોરણ-૦૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષાના સમયપત્રક અને અભ્યાસક્રમમાં સુધાર અંગે તથા ધોરણ ૧૦ના ગણિત વિષયના પ્રશ્નપત્ર વિશે ખાસ નોંધ બાબત

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦/૧૪૨/છ, તા.૧૨/૦૨/૨૦૨૦
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા:-૧૪/૦૭/૨૦૨૧
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૩૪૧-૮૪, તા.૦૮/૦૯/૨૦૨૧
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/ક-૧/ કસોટી/ ૨૦૨૧/૯૨૩,તા.૨૨/૦૯/૨૦૨૧

જયભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ આપશ્રીને મોકલેલ સંદર્ભ દર્શિત પત્ર-૪ માં દર્શાવેલ પ્રથમ પરીક્ષાના સમયપત્રક અને અભ્યાસક્રમમાં શાળાઓની રજુઆત અન્વયે ફેરફાર કરેલ છે, જે નીચે મુજબ છે.

- સમયપત્રક અંગે: ધોરણ ૯ અને ૧૧ માટે સમય સવારે ૧૦:૩૦ am થી ૧૨:૩૦ pm કુલ બે કલાકનો રહેશે. જ્યારે ધોરણ ૧૦ અને ૧૨ માટે સમય બપોરે ૨:૦૦ pm થી ૫:૦૦ pm કુલ ત્રણ કલાકનો રહેશે. સુધારા સાથેનું સમયપત્રક આ સાથે બિડાણ-(૧)માં સામેલ છે.
- અભ્યાસક્રમ અંગે: ધોરણ ૯ થી ૧૨માં જૂન, જુલાઈ અને ઓગષ્ટ માસનો ૧૦૦% અભ્યાસક્રમ તથા સપ્ટેમ્બર માસનો ૫૦% અભ્યાસક્રમ રહેશે. જે વિષયોના પ્રશ્નપત્રો બોર્ડ કક્ષાએથી તૈયાર કરી મોકલવામાં આવશે તે વિષયો માટે સપ્ટેમ્બર માસનો ધ્યાને લેવાનો ૫૦% અભ્યાસક્રમ આ સાથે બિડાણ-(૨) માં સામેલ છે. બાકીના વિષયો કે જેના પ્રશ્નપત્રો શાળા કક્ષા/SVS કક્ષાએ થી તૈયાર કરવાના છે તે વિષયો માટેનો અભ્યાસક્રમ પણ ઉપર મુજબ જૂન, જુલાઈ અને ઓગષ્ટ માસનો ૧૦૦% અભ્યાસક્રમ તથા સપ્ટેમ્બર માસનો ૫૦% અભ્યાસક્રમ રાખવાનો રહેશે.

ખાસ નોંધ:- <u>ધોરણ-૧૦ ના ગણિત વિષય અંગે</u>

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મશબ/૧૧૧૯/૮૫૭/છ તા:-૧૪/૦૭/૨૦૨૧થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં વર્ષ-૨૦૨૧-૨૨ થી ધો.10ની જાહેર પરીક્ષા (બોર્ડ દ્વારા લેવાતી વાર્ષિક પરીક્ષા) માં ગણિત

વિષયમાં બે પ્રકારના પ્રશ્નપત્રોનો વિકલ્પ મેથેમેટિક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટિક્સ બેઝિક આપવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભ (૨) દર્શિત ઠરાવની શરત નંબર ૧ થી ૩માં આ અંગે સ્પષ્ટતા કરેલ છે, જેનો સારાંશ નીચે મુજબ છે.

ધોરણ ૧૦નું ગણિત વિષયનું પાઠ્યપુસ્તક એક સરખુ જ રહેશે, શાળા કક્ષાએ કે વર્ગખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પધ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહી. ધોરણ-૧૦ના ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ અને બેઝિક પ્રશ્નપત્રની પસંદગી ફક્ત બોર્ડ દ્વારા લેવાતી જાહેર (વાર્ષિક) પરીક્ષાના આવેદનપત્ર ભરતી વખતે જ વિકલ્પ આપવાના રહે છે અને જાહેર (વાર્ષિક) પરીક્ષામાં જ ધોરણ ૧૦ના ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ અને બેઝિક પ્રશ્નપત્ર આપવામાં આવશે. પ્રથમ પરીક્ષા તથા દ્વિતીય પરીક્ષામાં ગણિત વિષય બાબતે સ્ટાન્ડર્ડ કે બેઝિક તેવા વિકલ્પ આપવાના રહેતા નથી. આથી ગણિત વિષય માટે પ્રથમ અને દ્વિતીય પરીક્ષામાં માત્ર એક જ પ્રશ્નપત્ર આપવામાં આવશે.

આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને આ અંગે જાણ કરવા વિનંતી.

ડૉ.બી.એ.ચૌધરી
પરીક્ષા સચિવ

ડૉ.અવનીબા મોરી
નાયબ નિયામક (પરીક્ષા)

નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ

પરિપત્ર - ૭૮૨

ક્રમાંક:પરીક્ષા/અભ્યાસ/સુધારા/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૩૦/૦૯/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ. શાળાઓ તમામ
જિ-અમરેલી

## બિડાણ-૧

## ધોરણ-09/10/11/12 પ્રથમ પરીક્ષાનો કાર્યક્રમ ઓક્ટોબર-2021 (સુધારા સાથે)

| ધોરણ | ધોરણ 09 | ધોરણ 10 | ધો.11 વિજ્ઞાન પ્રવાહ | ધો.12 વિજ્ઞાન પ્રવાહ | ધો.11 સામાન્ય પ્રવાહ | ધો.12 સામાન્ય પ્રવાહ |
|---|---|---|---|---|---|---|
| સમય<br>તારીખ | 10:30 am થી 12:30 pm (50 ગુણ) | 2:00pm થી 5:00pm (80 ગુણ) | 10:30 am થી 12:30 pm (50 ગુણ) | 2:00pm થી 5:00pm (100 ગુણ) | 10:30 am થી 12:30 pm (50 ગુણ) | 2:00 pm થી 5:00 pm (100 ગુણ) |
| 18/10/2021 સોમવાર | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) | ગણિત | ગણિત | અંગ્રેજી(૦૧૩)<br>અંગ્રેજી(૦૦૬) | અંગ્રેજી(૦૧૩)<br>અંગ્રેજી(૦૦૬) |
| 20/10/2021 બુધવાર | ગણિત | ગણિત | ભૌતિક વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | નામાના મૂળતત્વો<br>XXXX | નામાના મૂળતત્વો<br>XXXX |
| 21/10/2021 ગુરુવાર | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | વાણિજ્ય વ્યવસ્થા<br>XXXX | વાણિજ્ય વ્યવસ્થા<br>XXXX |
| 22/10/2021 શુક્રવાર | વિજ્ઞાન | વિજ્ઞાન | જીવ વિજ્ઞાન | જીવ વિજ્ઞાન | મનોવિજ્ઞાન<br>XXXX | મનોવિજ્ઞાન<br>XXXX |
| 23/10/2021 શનિવાર | XXX | XXX | અંગ્રેજી | અંગ્રેજી | આંકડાશાસ્ત્ર<br>XXXX | આંકડાશાસ્ત્ર<br>XXXX |
| 25/10/2021 સોમવાર | XXX | XXX | XXX | XXX | અર્થશાસ્ત્ર<br>XXXX | અર્થશાસ્ત્ર<br>XXXX |
| 26/10/2021 મંગળવાર | XXX | XXX | XXX | XXX | XXXX | XXXX |
| 27/10/2021 બુધવાર | XXX | XXX | XXX | XXX | XXXX | XXXX |

**સુચનાઓ:-**

1. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નોંધાયેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ ઉક્ત સમયપત્રક પ્રમાણે પરીક્ષા યોજવાની રહેશે અને પરીપત્રમાં આપેલ સુચનાઓની અમલવારી કરવાની રહેશે. બોર્ડ તરફથી મોકલવામાં આવેલ પ્રશ્નપત્રોની તારીખ અને સમય સમગ્ર રાજ્યની શાળાઓ માટે એક જ રહેશે. આ વિષયોના પ્રશ્નપત્રોના સમય અને તારીખમાં સ્થાનિક કક્ષાએથી કોઇ ફેરફાર કરી શકાશે નહીં.

2. તારીખ 20/12/2020 ના શિક્ષણ વિભાગના ઠરાવમાં દર્શાવેલ વિષય સિવાયના વિષયના પ્રશ્નપત્રો શાળા કક્ષાએથી / SVS કક્ષાએથી બોર્ડના પરિરૂપ મુજબ તૈયાર કરવાના રહેશે.

3. પ્રથમ પરીક્ષામાં ધો.09 અને ધો.11 પ્રશ્નપત્ર 50 ગુણ અને બે કલાક તથા ધો.10નું પ્રશ્નપત્ર 80 ગુણ અને સમય ત્રણ કલાકનો રહેશે જ્યારે ધો.12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પ્રશ્નપત્ર 100 ગુણ અને ત્રણ કલાકનું રહેશે.

4. વર્ષ-2021-22 માટે ધો.09 થી 12 ના અભ્યાસક્રમમાં કોઇપણ ઘટાડો થયેલ ન હોય પ્રથમ પરીક્ષા માટે જૂન થી સપ્ટેમ્બર સુધીનો 100% અભ્યાસક્રમ રહેશે.

5. કાર્યક્રમમાં XXXX ની નિશાની વાળી જગ્યાએથી બોર્ડ કક્ષાએથી આપવામાં આવેલ વિષયો સિવાયના વિષયોના પ્રશ્નપત્રનું સમયપત્રક ગોઠવી શકશે. ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ XXXX ની નિશાની વાળી જગ્યાએ જે-તે જૂથના અન્ય વિષયોના પ્રશ્નપત્ર ગોઠવી શકાશે. આ અંગે SVS સંકુલના સંકલનમાં રહી આયોજન કરવાનું રહેશે.

Ameri..

બિડાણ-૨ (પાન નં-૧)

## ધો.૦૯ ની પ્રથમ પરીક્ષા માટેનો સપ્ટેમ્બર માસનો ૫૦% અભ્યાસક્રમ

### વિષય :- ગણિત

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 6. રેખાઓ અને ખુણાઓ | સપ્ટેમ્બર | પ્રથમ પરીક્ષા માટે રદ કરવું |

### વિષય :- વિજ્ઞાન

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 6. પેશિયો<br>9. બળ તથા ગતિના નિયમો<br>10. ગુરુત્વાકર્ષણ | સપ્ટેમ્બર | 6. પેશિયો<br>પ્રકરણ – 09 અને 10 પ્રથમ પરીક્ષા માટે રદ કરવું |

### વિષય :- સામાજિક વિજ્ઞાન

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 4. ભારતની રાષ્ટ્રીય ચળવણો<br>15. જળ પરિવાહ | સપ્ટેમ્બર | 4. ભારતની રાષ્ટ્રીય ચળવળો<br>પ્રકરણ – 15 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

### વિષય :- ગુજરાતી (પ્રથમ ભાષા)

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 10. ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ – ગદ્ય<br>11. મરજીવિયા – પદ્ય<br>12. સખી માર્કંડી<br>• વ્યાકરણ – રવાનુકારી, અંગસાધક, પ્રત્યય<br>• વ્યાકરણ – સંધિ<br>• લેખન-વિચારવિસ્તાર, નિબંધ | સપ્ટેમ્બર | 10. ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ – ગદ્ય<br>• વ્યાકરણ – રવાનુકારી, અંગસાધક, પ્રત્યય<br>• વ્યાકરણ – સંધિ<br>પ્રકરણ – 11, 12 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

### વિષય :- ગુજરાતી (દ્વિતીય ભાષા)

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 09. પારખું – ગદ્ય<br>10. એ લોકો – પદ્ય<br>11. વારસાગત - ગદ્ય<br>• વ્યાકરણ – અનુગ, નામયોગી, સંધિ<br>• લેખન – પત્રલેખન | સપ્ટેમ્બર | 09. પારખું – ગદ્ય<br>• વ્યાકરણ – અનુગ, નામયોગી, સંધિ<br>પ્રકરણ – 10 , 11 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

૧૮

બિડાણ-૨ (પાન નં-૨)

# ધો.૧૦ ની પ્રથમ પરીક્ષા માટેનો સપ્ટેમ્બર માસનો ૫૦% અભ્યાસક્રમ

## વિષય :- ગણિત

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 11. રચના<br>14. આંકડાશાસ્ત્ર | સપ્ટેમ્બર | 11. રચના<br>પ્રકરણ – 14 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

## વિષય :- વિજ્ઞાન

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 12. વિદ્યુત<br>14. ઊર્જાનાં સ્ત્રોતો<br>3. ધાતુઓ અને અધાતુઓ | સપ્ટેમ્બર | 12. વિદ્યુત<br>14. ઊર્જાનાં સ્ત્રોતો<br>પ્રકરણ – 3 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

## વિષય :- સામાજિક વિજ્ઞાન

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | 5. ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વારસો<br>11. ભારત : જળસંસાધન | સપ્ટેમ્બર | 5. ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વારસો<br>પ્રકરણ – 11 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

## વિષય :- ગુજરાતી (પ્રથમ ભાષા)

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | ગદ્ય – 12 લેખન – ગદ્યસમીક્ષા<br>વ્યાકરણ – એકમ – 3 | સપ્ટેમ્બર | લેખન – ગદ્યસમીક્ષા<br>પ્રકરણ ગદ્ય – 12 અને વ્યાકરણ – એકમ – 3 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

## વિષય :- ગુજરાતી (દ્વિતીય ભાષા)

| માસ | માસવાર અભ્યાસક્રમના પ્રકરણો | માસ | પ્રથમ પરીક્ષા માટે સુધારેલ માસવાર અભ્યાસક્રમના પ્રકરણો |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | પદ્ય – 13<br>ગદ્ય – 12<br>વ્યાકરણ : એકમ - 4 | સપ્ટેમ્બર | ગદ્ય – 12<br>પ્રકરણ પદ્ય – 13 અને વ્યાકરણ : એકમ - 4 પ્રથમ પરીક્ષામાંથી રદ કરવું |

બિડાણ-૨ (પાન નં-૩)

## પ્રથમ પરીક્ષા માટેનો સપ્ટેમ્બર માસનો ૫૦% અભ્યાસક્રમ

### ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ

| ક્રમ | વિષયના નામ અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| ૧ | અંગ્રેજી (00૬) | Ch-5 The Ailing Planet |
| ૨ | અંગ્રેજી (0૧૩) | Unit-4 Read-1 Mind, Body and Medicine |
| ૩ | ભૌતિક વિજ્ઞાન (0૫૪) | પ્રકરણ-૭ કણોના તંત્રો અને ચાકગતિ |
| ૪ | રસાયણ વિજ્ઞાન (0૫૨) | પ્રકરણ-૪ રાસાયણિક બંધન અને આણ્વીય રચના |
| ૫ | જીવ વિજ્ઞાન (0૫૬) | પ્રકરણ-૯ જૈવ અણુઓ |
| ૬ | ગણિત (0૫0) | પ્રકરણ-૬ સુરેખ અસમતાઓ |

### ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ

| ક્રમ | વિષયના નામ અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| ૧ | અંગ્રેજી (00૬) | Ch-4 The Rattrap |
| ૨ | અંગ્રેજી (0૧૩) | UNIT-4, Read-2 Blind Deaf Fish |
| ૩ | ભૌતિક વિજ્ઞાન (0૫૪) | પ્રકરણ-૬ વિદ્યુત ચુંબકીય પ્રેરણ |
| ૪ | રસાયણ વિજ્ઞાન (0૫૨) | પ્રકરણ-૧૨ આલ્ડિહાઈડ, કિટોન અને કાર્બોક્સિલિક એસિડ સંયોજનો |
| ૫ | જીવ વિજ્ઞાન (0૫૬) | પ્રકરણ-૮ માનવ સ્વાસ્થ્ય અને રોગો |
| ૬ | ગણિત (0૫0) | પ્રકરણ-૭ સંકલન |

બિડાણ-૨ (પાન નં-૪)

પ્રથમ પરીક્ષા માટેનો સપ્ટેમ્બર માસનો ૫૦% અભ્યાસક્રમ

## ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ

| ક્રમ | વિષયનું નામ અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| ૧ | અંગ્રેજી (૦૦૬) | Ch-5 The Ailing Planet |
| ૨ | અંગ્રેજી (૦૧૩) | Unit-4 Read-1 Mind, Body and Medicine |
| ૩ | અર્થશાસ્ત્ર (૦૨૨) | પ્રકરણ-૫ આવક અને ખર્ચના ખ્યાલો (મુદ્દા નં- ૫.૧, ૫.૨ અને ૫.૩ સુધી) |
| ૪ | વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) | પ્રકરણ-૫ ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો-૧ (મુદ્દા નં-૫.૨ સુધી) |
| ૫ | આંકડાશાસ્ત્ર (૧૩૫) | પ્રકરણ-૪ પ્રસારમાન (પૂર્ણ) |
| ૬ | મનોવિજ્ઞાન (૧૪૧) | પ્રકરણ-૪ વર્તનના જૈવીય આધારો (રંગસૂત્રો અને ચેતાતંત્રના ભાગો) |
| ૭ | નામાના મૂળતત્વો (૧૫૪) | પ્રકરણ-૮ ખાતાવહી ખતવણી (પૂર્ણ) |

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ

| ક્રમ | વિષયનું નામ અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| ૧ | અંગ્રેજી (૦૦૬) | Ch-4 The Rattrap |
| ૨ | અંગ્રેજી (૦૧૩) | Unit-4 Read-2 Blind Deaf Fish |
| ૩ | અર્થશાસ્ત્ર (૦૨૨) | પ્રકરણ-૬ બેરોજગારી |
| ૪ | વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) | પ્રકરણ-૭ અંકુશ (મુદ્દા નં- ૭.૨ સુધી) |
| ૫ | આંકડાશાસ્ત્ર (૧૩૫) | પ્રકરણ-૪ સામયિક શ્રેણી (મુદ્દા નં-૪.૧ અને ૪.૨) |
| ૬ | મનોવિજ્ઞાન (૧૪૧) | પ્રકરણ-૫ મનોભાર અને સ્વાસ્થ્ય (પૂર્ણ) |
| ૭ | નામાના મૂળતત્વો (૧૫૪) | પ્રકરણ-૬ ભાગીદારીની નિવૃતિ/મૃત્યુ |

Ameri..